હું ઓડિશાના માજી સીએમ નવીન પટનાયકનો કઝીન છું કહી સાવલીના વેપારી સાથે છેતરપિંડી

માજી સીએમના સગા અને હેલ્થ એડવાઈઝર હોવાનું કહી પેટ્રોકેમિકલ વેપારી સાથે ૩૨.૬૪ લાખની ઠગાઈ

હાઇપ્રોફાઇલ ઓળખાણ, બોગસ દસ્તાવેજો અને ફ્યુઅલ ઓઇલ સપ્લાયના બહાને વેપારીનો વિશ્વાસ જીત્યો

નાણાં પરત માંગતાં જાનથી મારી નાખવાની ધમકી; પિતા-પુત્ર સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા જિ લ્લાના સાવલીના પેટ્રોકેમિકલ વેપારી સાથે હાઇપ્રોફાઇલ ઓળખાણ આપી રૂ. 32.64 લાખની છેતરપિંડી આચરાયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. દિલ્હીના પિતા-પુત્ર સહિત ત્રણ આરોપીઓએ પોતાને ઓડિશાના માજી મુખ્યમંત્રી નવીન પટનાયકના નજીકના સગા તેમજ ભારત સરકારના હેલ્થ એડવાઇઝર તરીકે ઓળખાવી ઇન્ડસ્ટ્રીયલ ફ્યુઅલ ઓઇલ સપ્લાય કરવાના બહાને વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હતા.

પોલીસ ફરિયાદ મુજબ, વડોદરાના નટુભાઈ સર્કલ પાસે વિશાલ ઇન્ડસ્ટ્રીઝ નામે પેટ્રોકેમિકલ પ્રોડક્ટનો વ્યવસાય કરતા અને સાવલીની સાઈકૃપા સોસાયટીમાં રહેતા વિશાલ પ્રકાશ વ્યાસની આશરે છ મહિના અગાઉ તપસ રંજન પટનાયક અને તેના પુત્ર આશુતોષ પટનાયક સાથે ઓળખાણ થઈ હતી. આશુતોષે પોતે ઓડિશાના માજી મુખ્યમંત્રી નવીન પટનાયકનો કઝીન હોવાનું જણાવી ભારત સરકારના હેલ્થ એડવાઈઝર તરીકેનું વિઝિટિંગ કાર્ડ મોકલી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ તેણે ઇન્ડસ્ટ્રીયલ ફ્યુઅલ ઓઈલનો વ્યવસાય હોવાનું જણાવી કંડલા પોર્ટ પર માલ તૈયાર હોવાનું કહ્યું હતું.

આ વિશ્વાસના આધારે વિશાલ વ્યાસે 15 જુલાઈએ ઓઇલનો ઓર્ડર આપ્યો હતો. બીજા જ દિવસે આરોપીઓએ રૂ. 32.17 લાખથી વધુનું ઈન્વોઈસ મોકલી પેમેન્ટની માંગ કરી હતી. વેપારીએ પોતાની ટ્રક કંડલા પોર્ટ મોકલતાં આરોપીઓએ વોટ્સએપ મારફતે માલ લોડ થઈ ગયો હોવાનું દર્શાવતા આઉટવર્ડ વેઈમેન્ટ સ્લિપ સહિતના દસ્તાવેજો મોકલ્યા હતા. દસ્તાવેજો સાચા માની વેપારીએ બે હપ્તામાં કુલ રૂ. 32.64 લાખ આરોપીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

જોકે, નાણાં ચૂકવ્યા બાદ પણ માલની ડિલિવરી ન મળતાં વેપારીએ તપાસ કરતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. તપાસમાં માલ અગાઉથી જ અન્ય સપ્લાયરના બાકી પેમેન્ટને કારણે અટકેલો હોવાનું અને આરોપીઓએ બોગસ ઈન્વોઈસ તથા દસ્તાવેજોના આધારે છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું હતું. વેપારીએ રૂપિયા પરત માંગતાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે વિશાલ વ્યાસની ફરિયાદના આધારે પોલીસે તપસ રંજન પટનાયક, રણજિતા તપસ પટનાયક અને આશુતોષ તપસ પટનાયક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અનગઢમાં ATM તોડવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા નજીકના અનગઢ ગામમાં આવેલી બેંક ઓફ બરોડાની શાખાના ATMમાં મોડી રાત્રે બે બુકાનીધારી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. લોખંડના હથોડાથી ATMના વોલ્ટનો દરવાજો અને લોક તોડી અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઉપર આવેલી હોસ્પિટલના કર્મચારી જાગી જતાં બંને તસ્કરો બાઇક પર ફરાર થઈ ગયા હતા.

બેંકના જોઈન્ટ મેનેજર પ્રતીકભાઈ પરમારના જણાવ્યા મુજબ, ઘટના રાત્રે આશરે 3:20 વાગ્યે બની હતી. ATM ઉપર આવેલી મુક્તન્દુ જનરલ હોસ્પિટલના નાઇટ સ્ટાફ સુનિલભાઈ ગોહીલે જોરદાર અવાજ સાંભળતાં બહાર આવી તપાસ કરી હતી. તેમને જોઈ તસ્કરો ભાગી છૂટ્યા હતા.

સવારે બેંક અધિકારીઓએ તપાસ કરતાં ATMમાં રહેલી તમામ રોકડ રકમ સુરક્ષિત મળી આવી હતી. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે સ્થળની તપાસ કરી હતી. CCTV ફૂટેજના આધારે બંને તસ્કરોની ઓળખ અને શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પાર્થભૂમિ-2 સોસાયટીમાં બાઇક લઈને ચોરીના ઇરાદે ઘૂસ્યા

માંજલપુરમાં મધરાત્રે ચોરીનો પ્રયાસ, ૩ ચોરો CCTVમાં કેદ, રહીશો ભયભીત

માંજલપુર પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી, સ્થાનિકોએ રાત્રિ પેટ્રોલિંગ વધારવાની કરી માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલા પાર્થભૂમિ-2 સોસાયટીમાં મોડી રાત્રે બાઈક સવાર કોરોના આંટા ફેરા મારતા જોવા મળતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. સોસાયટીમાં શંકાસ્પદ રીતે ફરી રહેલા ત્રણ શખ્સોની સમગ્ર હિલચાલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ માંજલપુર પોલીસે ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

માંજલપુર વિસ્તારમાં આવેલી પાર્શ્વભૂમિ 2 સોસાયટીમાં રહેતા સ્થાનિકોના જણાવ્યા મુજબ મંગળવારના રોજ મોડી રાત્રે સોસાયટીમાં કેટલાક અજાણ્યા શખ્સો શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા જોવા મળ્યા હતા. તેઓ કોઈ મકાનને નિશાન બનાવવાની ફિરાકમાં હોવાનું જણાતાં રહેવાસીઓને શંકા ગઈ હતી. લોકો ઘરની બહાર નીકળતા જ બાઈક પર આવેલા ત્રણેય શખ્સો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મિલકતનું નુકસાન થયું નથી. જોકે સમગ્ર ઘટના સોસાયટીમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં ત્રણેય શખ્સો બાઈક સાથે સોસાયટીમાં પ્રવેશતા, આસપાસ રેકી કરતા અને તકની શોધમાં ફરતા સ્પષ્ટપણે જોવા મળે છે.

ઘટનાને પગલે પાર્થભૂમિ-2 સહિત આસપાસના વિસ્તારોના રહીશોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સમયે શંકાસ્પદ હિલચાલ વધતી જોવા મળી રહી છે. તેમણે વિસ્તારમાં નિયમિત પોલીસ પેટ્રોલિંગની માંગ કરી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રાત્રિના સમયે પૂરતું પોલીસ પેટ્રોલિંગ ન થવાના કારણે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. માંજલપુર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે શંકાસ્પદ શખ્સોની ઓળખ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બાપોદ ચાર રસ્તા ઈન્દ્રપુરી કોમ્પ્લેક્સમાં વીજ થાંભલો જોખમી

વારંવાર રજૂઆત છતાં ઉકેલ નહીં, ગ્રાહકો અને દુકાનદારના જીવ પર જોખમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેરમાં વીજ કંપનીની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વાઘોડિયા રોડ પર આવેલી પ્રોવિઝન સ્ટોરની દુકાનની અંદર જ છેલ્લા 20 વર્ષથી જર્જરિત વીજ થાંભલો ઉભો છે. અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા દુકાનદાર અને ગ્રાહકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે.

વાઘોડિયા રોડ બાપોદ ચાર રસ્તા પાસે ઈન્દ્રપુરી કોમ્પ્લેક્સમાં આવેલી શ્રીરામ પ્રોવિઝન એન્ડ સુપર સ્ટોરના સંચાલક સંજય ગુપ્તાએ આક્ષેપ કર્યો કે દુકાનની અંદર ઉભેલો વીજ થાંભલો સંપૂર્ણપણે જર્જરિત થઈ ગયો છે. છેલ્લા ઘણા વર્ષોથી આ સમસ્યા છે. આ બાબતે એમજીવીસીએલની ઈન્દ્રપુરી ડિવિઝન કચેરીમાં લેખિત અને મૌખિક અનેક રજૂઆતો કરવામાં આવી છે. સંજયભાઈએ વધુમાં કહ્યું કે, રજૂઆત કરવા જઈએ તો અધિકારીઓ સાંભળતા જ નથી. ઉલટાનું તમને શું નડે છે? જેવા બેદરકારીભર્યા જવાબ આપે છે. દુકાનમાં રોજ મોટી સંખ્યામાં ગ્રાહકો આવે છે. જો થાંભલો પડે તો મોટી દુર્ઘટના થઈ શકે છે. અમે દરરોજ ભયના ઓથાર હેઠળ કામ કરીએ છીએ. આ જર્જરિત થાંભલાને કારણે માત્ર દુકાનદાર જ નહીં, આસપાસના લોકો પણ ચિંતિત છે. જો કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી કોણ લેશે તેવો સવાલ લોકો કરી રહ્યા છે.

શહેર સ્ટેટ મોનિટરિંગ સેલનો વડોદરા ગ્રામ્યમા ફરી સપાટો

સાધલી પાસે ધમધમતા જુગારધામ પર રેડ, ૧૪ જુગારીઓ પકડાયા, ૫ વોન્ટેડ

રોકડ રકમ ૩.૨.૪૦ લાખની રોકડ સાથે ૧૨.૭૧ લાખનો જુગારનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.29

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. શિનોર પોલીસ મથકની હદમાં આવેલા સાધલી ગામ નજીક જાહેરમાં ચાલી રહેલા જુગારધામ પર SMCએ દરોડો પાડી 14 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે જુગારનો અડ્ડો ચલાવનાર સહિત પાંચ આરોપીઓ ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી રૂ. 2.40 લાખની રોકડ સહિત વાહનો અને મોબાઈલ મળી કુલ રૂ. 12.71 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલના પીઆઈ એમ.એસ. ત્રિવેદી અને તેમની ટીમને બાતમી મળી હતી કે શિનોર તાલુકાના સાધલી ગામે લસી ફાર્મ સામે કાયાવરોહણ તરફ જતા રસ્તા પર રેલવે ટ્રેક નજીકની ખુલ્લી ગોચર જમીનમાં મોટા પાયે જુગાર રમાઈ રહ્યો છે. બાતમીના આધારે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે 14 આરોપીઓને સ્થળ પરથી ઝડપી પાડી રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો જપ્ત કર્યા હતા. પકડાયેલા આરોપીઓમાં વડોદરા શહેર અને જિલ્લાના ઉપરાંત ભરૂચ, સુરત, રાજકોટ તથા નર્મદા જિલ્લાના લોકોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન જુગારધામનું સંચાલન સાધલીના અસલમ મયુદ્દિન મન્સુરી અને અયુબ નુરમોહંમદ પઠાણ કરતા હોવાનું સામે આવ્યું છે. બંને સહિત અન્ય ત્રણ અજાણ્યા આરોપીઓ ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMC દ્વારા સમગ્ર મામલે શિનોર પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદે જુગાર અને દારૂના અડ્ડાઓ સામે સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહી આગામી દિવસોમાં પણ યથાવત્ રહેશે તેવી માહિતી પોલીસ સૂત્રોએ આપી છે.

વડસરના કોટેશ્વર જવાના માર્ગ પરથી એક ફૂટના મગરના બચ્ચાનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા નજીક વડસર ગામથી કોટેશ્વર તરફ જતા રસ્તા પરથી આજે લગભગ 1 ફૂટના મગરના બચ્ચાનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વરસાદને કારણે રસ્તાની આજુબાજુના ખાડાઓમાં પાણી ભરાયા હોવાથી મગરનું આ બચ્ચું ભટકીને રસ્તા પર આવી ગયું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં દર વર્ષે વરસાદની સિઝનમાં નાના-મોટા મગરો જોવા મળતા હોય છે. નજીકમાં એક બ્રિજનું કામ પણ ચાલી રહ્યું હોવાથી જંગલી પ્રાણીઓ અવારનવાર બહાર નીકળે છે. આજે પણ કેટલાક સ્થાનિકો જ્યારે વાહન લઈને જઈ રહ્યા હતા ત્યારે તેમને ફૂતરાના અવાજ સંભળાયા હતા. શરૂઆતમાં તેમને લાગ્યું કે કદાચ પાટલા ઘોનું બચ્ચું હશે, પરંતુ વાહન ઊભું રાખીને તપાસ કરતા આ મગરનું નાનું બચ્ચું નીકળ્યું હતું. તાત્કાલિક શ્રી સાંઈ દ્વારકામાઈ ચેરીટેબલ ટ્રસ્ટને જાણ કરતા ટ્રસ્ટના કાર્યકરો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બચ્ચાનું રેસ્ક્યુ કરી લીધું હતું. ટ્રસ્ટના જયેશભાઈ પટેલે જણાવ્યું કે, આ બચ્ચું ખૂબ જ નાનું છે અને આ સિઝનનું જ લાગે છે. અમે તેને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરીને આગળની સારવાર માટે લઈ ગયા છીએ. તેમણે લોકોને અપીલ કરી કે, જો તમને ક્યાંય પણ આવા કોઈ વન્ય જીવો દેખાય તો તાત્કાલિક વન વિભાગનો અથવા અમારા જેવી સંસ્થાનો સંપર્ક કરો. અમે ન આવીએ ત્યાં સુધી તે જીવનું ધ્યાન રાખો અને તેને કોઈ પ્રકારની હાની ન પહોંચાડો.

સુરતથી ટ્રેન મારફતે ગાંજો લાવ્યાની બાતમીના આધારે કાર્યવાહી

રેલવે સ્ટેશનને પ્લેટફોર્મ નંબર ૬ પાસેથી ગાંજા સાથે બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

સયાજીગંજ 474 ગ્રામ ગાંજો અને રૂ. 37,040નો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે સયાજીગંજ પોલીસે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-6 પાસે આવેલા જય માતાજી પે એન્ડ પાર્ક નજીકથી 474 ગ્રામ ગાંજા સાથે બે મહિલા અને એક યુવકની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી ગાંજા, રોકડ રકમ અને મોબાઈલ સહિત રૂ. 37 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર સુધીર દેસાઈ તથા ઝોન-1ના નાયબ પોલીસ કમિશ્નર ડૉ. જગદીશ ચાવડાના માર્ગદર્શન હેઠળ શહેરમાં માદક પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત સયાજીગંજ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જે. પંડ્યા અને સેકન્ડ પીઆઈ ડી.કે. ગામારાએ સ્ટાફને બાતમીદારો સક્રિય રાખી NDPSના કેસો શોધી કાઢવા સૂચના આપી હતી.

પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-6 પાસે ફૂટપાથ પર રહેતી રૂકસાના અને પુષ્પાએ આસીફ ઉર્ફે માહીરને ગાંજાનો જથ્થો લેવા સુરત મોકલ્યો હતો અને તે ટ્રેન મારફતે વડોદરા આવી ગાંજો પહોંચાડવાનો હતો. બાતમીના આધારે પોલીસે જય માતાજી પે એન્ડ પાર્ક નજીક વોચ ગોઠવી રેડ કરી હતી.

દરોડા દરમિયાન આસીફ ઉર્ફે માહીર યાસીન વ્હોરા (ઉ.વ.20), રૂકસાના જીતેન્દ્રસિંહ ઠાકોર (ઉ.વ.38) અને પુષ્પા અનીલ ગરાસીયા (ઉ.વ.24)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી 474 ગ્રામ ગાંજો, ગાંજો, રોકડા રૂ. 8,340 તથા રિયલમી કંપનીનો મોબાઈલ મળી રૂ. 37 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ગોરવા BIDCની બંધ ફેક્ટરીમાં ચોરી કરનાર બે રીઢા ઝડપાયા

કાઇમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી રૂ. 2.20 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ચોરીમાં વપરાયેલી બાઇક, પિત્તળના બુશ અને CCTV સામાન જપ્ત; આરોપીઓ ગોરવા પોલીસને સોંપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના ગોરવા BIDC વિસ્તારમાં આવેલી અમિત એન્જિનિયરિંગ વર્ક્સ નામની બંધ ફેક્ટરીમાં ચોરી કરનાર રીઢા આરોપી સહિત બે શખ્સોને ક્રાઇમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી રૂ. 2.20 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને આરોપીઓને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસને સોંપવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ, તસ્કરોએ બંધ ફેક્ટરીના પતરાં તોડી અંદર પ્રવેશ કરી ઓળખ છુપાવવા માટે CCTVનો DVR, રાઉટર, સ્વિચ તેમજ રૂ. 1.95 લાખના 168 પિત્તળના બુશની ચોરી કરી હતી. આ અંગે ગોરવા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન ક્રાઇમ બ્રાન્ચે અગાઉ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા દીવ્યાંગ ઉર્ફે નાનુ રાણા અને તેના સાગરીત અંકિત સેલાતને ખાસવાડી સ્મશાન રોડ પરથી ચોરીનો માલ વેચવા જતાં ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ. 35 હજારનો CCTV અને નેટવર્કિંગ સામાન, રૂ. 1.60 લાખના પિત્તળના બુશ તેમજ રૂ. 25 હજારની ચોરીમાં વપરાયેલી બાઇક મળી કુલ રૂ. 2.20 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

દેશ-વિદેશથી હજારો વૈષ્ણવો ઉમટ્યા, 100થી વધુ હરિભક્તોએ બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી

ગુરુપૂર્ણિમાએ વ્રજધામમાં ગુરુભક્તિનો મહામેળો, 'ફીડ ધ હંગ્રી' અભિયાનનો પ્રારંભ

VYOનો દિવાળી સુધી એક લાખ નિ:શુલ્ક ભોજન વિતરણનો સંકલ્પ, અનેક મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વડોદરાના વ્રજધામ સંકુલ ખાતે ગુરુભક્તિ, આધ્યાત્મિકતા અને સેવાભાવથી ઓતપ્રોત ભવ્ય મહોત્સવ યોજાયો હતો. ગુજરાત ઉપરાંત મુંબઈ, સુરત, રાજકોટ, અમદાવાદ તેમજ દેશ-વિદેશમાંથી હજારો વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય વૈષ્ણવાચાર્ય 108 શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના દર્શન અને આશીર્વાદ મેળવવા મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન 100થી વધુ વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી હતી.

VYO એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ ગુરુમહિમા પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. પોતાના આશીર્વચનમાં પૂજ્ય મહારાજશ્રીએ જીવનમાં આધ્યાત્મિક, શૈક્ષણિક, વ્યવસાયિક, પારિવારિક અને આરોગ્ય જેવા પાંચ સ્પષ્ટ લક્ષ્યો નક્કી કરવાની પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભગવાન સાથેનો સંબંધ, સતત શિક્ષણ, પ્રામાણિક કાર્યશૈલી, પરિવાર પ્રત્યેની જવાબદારી અને સ્વસ્થ જીવનશૈલી સર્વાંગી સફળતાનો આધાર છે. ગુરુ જીવનને ભગવાન સુધી પહોંચાડનાર દિવ્ય માર્ગદર્શક હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે વૈષ્ણવ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) દ્વારા 'Feed the Hungry' વૈશ્વિક સેવા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુરુપૂર્ણિમાથી દિવાળી સુધી એક લાખથી વધુ જરૂરિયાતમંદોને નિ:શુલ્ક ભોજન પહોંચાડવાનો સંકલ્પ જાહેર કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં આ સેવા ભારત ઉપરાંત વિશ્વના વિવિધ દેશોમાં વિસ્તૃત કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી, શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની, ધારાસભ્ય કેયુર રોકડિયા ડૉ. દર્શન અને પારૂલ બેન્કર, ક્રેડાઈ પ્રમુખ મયંક પટેલ સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વરસાદી વિરામ મળતાં જ રસ્તા પર હોટમિક્સથી પેચવર્ક શરૂ

શહેરના તમામ ઝોનમાં યુદ્ધના ધોરણે કામગીરી, કમિશનરે અધિકારીઓને મેદાનમાં ઉતરવા સૂચના આપી

બેરિકેટિંગ વગર કામ કરતા કોન્ટ્રાક્ટરોને ઠપકો, સુરક્ષા અને ગુણવત્તા જાળવવા કડક નિર્દેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરમાં વરસાદે વિરામ લેતાં જ મહાનગરપાલિકાએ બિસ્માર રસ્તાઓના સમારકામ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. ભારે વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર મોટા ખાડા પડતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે મળેલા ડ્રાય સ્પેલનો લાભ લઈ તમામ ઝોનમાં રોડ રિપેરિંગ અને પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે.

પાલિકા દ્વારા હોટમિક્સ પ્લાન્ટ કાર્યરત કરી ડામર રસ્તાઓના સમારકામને વેગ આપવામાં આવ્યો છે. કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે મ્યુનિસિપલ કમિશનરે તમામ ઝોનલ ડેપ્યુટી ઈજનેરોને સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે સમારકામમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ગુણવત્તા સાથે સમાધાન સહન કરવામાં આવશે નહીં. નિરીક્ષણ દરમિયાન કેટલાક સ્થળોએ બેરિકેટિંગ વિના કામગીરી ચાલી રહી હોવાનું સામે આવતાં કમિશનરે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને ઠપકો આપ્યો હતો. તેમણે કામના સ્થળે તાત્કાલિક બેરિકેટિંગ, સુરક્ષા વ્યવસ્થા અને સમારકામ પૂર્ણ થયા બાદ રોડ માર્કિંગ કરવાની સૂચના આપી હતી.

સેવ ઉસળની લારી પર તકરાર, ચાર યુવકો ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરાના ટ્રાઈડેન્ટ સર્કલ વિસ્તારમાં મધરાત્રે સેવ ઉસળની લારી પર નાસ્તો કરવા આવેલા ચાર યુવકો વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી ઉગ્ર બની જાહેરમાં મારામારી સુધી પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ગોરવા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ચારેયને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. 28 જુલાઈની મોડી રાત્રે સયાજીગંજ-112 જનરક્ષક મારફતે ટ્રાઈડેન્ટ સર્કલ પાસે યુવકો જાહેરમાં ઝઘડો કરતા હોવાની જાણ પોલીસને મળી હતી. પોલીસ પહોંચતા ચારેય યુવકો જાહેર માર્ગ પર એકબીજા સાથે છૂટા હાથની મારામારી કરતા જોવા મળ્યા હતા. પોલીસે તાત્કાલિક તેમને કાબૂમાં લઈ ગોરવા પોલીસ સ્ટેશન ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે સેવ ઉસળની લારી પર નાસ્તા દરમિયાન થયેલી સામાન્ય તકરાર હિંસક ઝઘડામાં ફેરવાઈ હતી. આ ઉપરાંત બે યુવકો નશાની હાલતમાં હોવાનું સામે આવતા તેમની સામે પણ અલગથી કાર્યવાહી કરવામાં આવી છે.

૨૨ લાખનો ચેક પણ બેંકમાં ડિપોઝિટ કર્યો પણ ટોપ પેમેન્ટના કારણે બાઉન્સ જતાં ભાંડો ફુટ્યો

નિવૃત રજિસ્ટ્રારના ચેક ચોરી ખોટી સહી કરી કેરટેકરે રૂ.૧.૨૦ લાખ બારોબાર ઉપાડ્યા

વાસણા રોડ ખાતે ઓફિસ ધરાવતા વેપારીના ઘરે રાખેલ મયુર કેર એજન્સીના કર્મચારીની છેતરપિંડી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરના દીવાળીપુરા વિસ્તારમાં આવેલા કીર્તિધામ બંગલોઝમાં રહેતા અને ટેલિકોમ કોન્ટ્રાક્ટનો વ્યવસાય કરતા જાગૃતભાઈ ભાસ્કરભાઈ વોરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ અને તેમના પત્ની લિપ્સાબેન વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હોવાથી પિતાની સંભાળ માટે કલ્પવૃક્ષ ખાતે આવેલી મયુઈ કેર એજન્સીનો સંપર્ક કર્યો હતો. એજન્સી દ્વારા અનીલ અંબાલાલ મકવાણા (રહે. ગુરુકૃપા સોસાયટી, ખંભાત, આણંદ)ને કેરટેકર તરીકે મોકલવામાં આવ્યો હતો. પિતા તેમની રૂમના ડ્રોઅરમાં બેંકની ચેકબુક સહિતના મહત્વના દસ્તાવેજો રાખતા હતા, જેની જાણ અનીલને થઈ ગઈ હતી.

આ તકનો લાભ લઈ અનીલે વૃદ્ધની ચેકબુકમાંથી ચેકો ચોરી લીધા હતા. ત્યારબાદ તેણે ખંભાત સ્થિત ICICI બેંકમાં વૃદ્ધની ખોટી સહી કરીને એક ચેક વટાવી રોકડા રૂ.1.20 લાખ ઉપાડી લીધા હતા. જાગૃતભાઈ એટીએમમાંથી મિની સ્ટેટમેન્ટ કાઢવા ગયા ત્યારે ખાતામાંથી રકમ ઉપડી હોવાનું સામે આવતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. કેરટેકરની છેતરપિંડી અહીં અટકી નહોતી. તેણે વૃદ્ધના પેન્શન ખાતામાંથી રૂ.22 લાખનો બીજો ચેક પણ ખોટી સહી કરીને ક્લિયરિંગમાં રજૂ કર્યો હતો. જોકે પરિવારજનોએ અગાઉથી જ બેંકમાં સ્ટોપ પેમેન્ટની સૂચના આપેલી હોવાથી ચેક ક્લિયર થઈ શક્યો નહોતો. મોબાઈલ પર બેંકનો મેસેજ મળતાં પરિવાર તાત્કાલિક સતર્ક બન્યો અને વધુ મોટી આર્થિક છેતરપિંડી ટળી હતી. ત્યારબાદ પરિવારજનોએ ચેકબુક અને બેંકના વ્યવહારોની તપાસ કરતાં સમગ્ર કાવતરું સામે આવ્યું હતું.

આ બનાવ બાદ આરોપી અનીલ મકવાણા મોબાઈલ ફોન બંધ કરીને ફરાર થઈ ગયો હતો. જાગૃતભાઈ વોરાની ફરિયાદના આધારે પોલીસે અનીલ અંબાલાલ મકવાણા સામે વિશ્વાસઘાત, બનાવટી સહી અને છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. પોલીસે કેર એજન્સી સહિત અન્ય પાસાઓની પણ તપાસ હાથ ધરી છે. પોલીસે બેંકના CCTV ફૂટેજ, ચેક સંબંધિત દસ્તાવેજો અને અન્ય પુરાવાઓ કબજે કરી તપાસ શરૂ કરી છે. આરોપીએ અગાઉ પણ આવી કોઈ છેતરપિંડી આચરી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી હોવાનું પોલીસ